eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 167
November 14, 2008

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) માં તા. ૭–૧૧–૨૦૮ નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફતે કરવામાં આવેલ ડિમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત સમારોહ

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત સમારોહ તા. ૦૯–૧૧–૦૮ ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, સુરત ખાતે રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, શહેર વિકાસ ખાતા/ દબાણખાતા ધ્વારા કરવામાં આવેલી ડિમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં કાર્યપાલક ઈજનેરશ્રી કે. એસ. દેસાઈ નાં માર્ગ દર્શન હેઠળ તા. ૧૦–૧૧–૨૦૦૮ નાં રોજ ગેરકાયદેસર બાંધકામો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

(એ) કરંજ વિસ્તારમાં બિસ્માર મિલકતનું ડીમોલીશન
(બી) સીતાનગર ચોકડીથી પૂણા ગામ જતા ૮૦', " ૦" પહોળાઈનાં ટી.પી. રસ્તાનું અમલીકરણ
(સી) પૂણાગામ વિસ્તારમાં ગૌતમ પાર્ક સોસાયટીનું વેલકમ ગેટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા)ની કામગીરી

મોજે ફૂલપાડા મોદી મહોલ્લામાં ડીમોલીશન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની મે–૨૦૦૮ની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૧૩૨૦૦ ઈન્ડોર તથા ૩૬૭૬૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૮૭ તથા ૪૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૦૬૭ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન તા. ૩–૧૨–૦૮ ના ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન),ચોકબજાર, સુરતખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૭–૧૧–૨૦૮ નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફતે કરવામાં આવેલ ડિમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી), નાં વિસ્તારમાં આવેલ શાબરીનગરની બાજુમાં પ્લોટ નં. ૭૩ એસ.ઈ.બી.સી. હાઉસીંગ ઈન્ડસ્ટ્રીયલ વર્કસના રીઝર્વેશનવાળી જગ્યામાં રહીશો ધ્વારા કોમર્શીયલ હેતુ માટે ગેલ્વેનાઈઝડ પતરાના શેડ અનઅધિકૃત રીતે તૈયાર કરવામાં આવેલ. સદર સ્થળે અંદાજીત ૨૨૦૦ ચો.ફૂટ ગેરકાયદેસર બાંધકામ દૂર કરેલ છે. તેમજ આ સ્થળે તાકીદના ધોરણે વાયર ફેન્સીંગનું કામ હાથ ધરવામાં આવેલ છે.

TOP

## ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત સમારોહ

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત સમારોહ તા. ૦૯–૧૧–૦૮ ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, સુરત ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો શુભારંભ  મા. ડે. મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવશ્રી એમ. ને. ઠકકર,  ડે. કમિશનર ( પ. અને ઈ.) શ્રી સી.જે. ગામીત, એડી. સીટી. ઈજનેરશ્રી વી.ડી. પટેલ, તેમજ સાંસ્કૃતિ સમિતિના અધ્યક્ષ શ્રીમતી જયોતિબેન કોઠીયા, ટી.પી. કમિટિના ચેરમેન શ્રી વિવેકભાઈ પટેલ ઘ્વારા દિપ પ્રાગ્ટય કરી કરવામાં આગ્યો હતો. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો ઘ્વારા સુતરની આંટી ઘ્વારા કલાકારવૃદનું સ્વાગત કરવામાં આવ્યું હતું, આ શાસ્ત્રીય સંગીત સમારોહના કાર્યક્રમ માં ઘ્રુપદ ગાયનના પ્રસિઘ્ધ  કલાકાર બનારસથી પધારેલ શ્રી પલ્લબદાસ, પખાવજના અયોઘ્યાથી પધારેલ શ્રી વિજય રામદાસ , વાયોલીનના વડોદરાથી પધારેલ શ્રી રમાકાન્ત સંતના સંગતમાં પ્રસિઘ્ધ તબલાવાદક વડોદરા નિવાસી શ્રી યોગેશ સંત, ઘ્રુપદ  ગાયનના દિલ્હીથી પધારેલ શ્રી નિર્માલ્ય ડે., પખાવજના ઈન્દોરથી પધારેલા શ્રી સંજય અગ્લે ઘ્વારા વિવિધ આલાપ અને સૂર, ઠુમરી તેમજ વાયોલીન વાદનથી પ્રેક્ષકગણોને મંત્ર મુગ્ધ કર્યા હતા. આ શાસ્ત્રીય સંગીત સમારોહને  સુરત શહેરની શાસ્ત્રીય સંગીત રસિક પ્રજાએ માણયો હતો.

TOP

# નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, શહેર વિકાસ ખાતા/ દબાણખાતા ધ્વારા કરવામાં આવેલી ડિમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) નોર્થઝોન(કતારગામ) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ફા. પ્લોટ નં. ૮૫માં આવેલ રાધેશ્યામ સોસાયટીનાં શોપીંગ સેન્ટરમાં પ્રથમ માળે ગેરકાયદેસર બાંધકામ આશરે ૪૦૦ ચો.ફૂટ દુર કરેલ છે.

(૨) તા. ૦૯–૧૧–૦૮ નાં રોજ ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ફા. પ્લોટ નં. ૩૮ માં આવેલ બહુચર નગર સોસાયટીમાં સબ પ્લોટ નં. ૧૫૭ માં ત્રીજા માળે આર.સી.સી. સ્લેબ ભરવા માટેનું સેન્ટરીંગ શટરીંગ દુર કરવામાં આવેલ તેમજ બીજા માળનાં આર.સી.સી. સ્લેબનું આશરે ૭૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે.

(૩) તા. ૧૦–૧૧–૦૮ નાં રોજ ટી.પી. સ્કીમ નં ૨૪(ટુંકી) ફૂલવાડી વિસ્તારમાં આવેલ પાકીઝા ઈન્ડ.ની બાજુમાં આવેલ પ્લોટ નં. ૮૨ – એસ.ઈ.બી.સી. હાઉસીંગ ઈન્ડ. વર્કર્સના રીઝર્વેશનવાળી જગ્યામાં બાજુનાં રહીશો ધ્વારા ગેલ્વેનાઈઝડ પતરાનાં ઝૂંપડાનું આશરે ૯૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી પ્લોટ ખુલ્લો કરવામાંઆવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં કાર્યપાલક ઈજનેરશ્રી કે. એસ. દેસાઈ નાં માર્ગ દર્શન હેઠળ તા. ૧૦–૧૧–૨૦૦૮ નાં રોજ ગેરકાયદેસર બાંધકામો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. સદર કામગીરી દરમ્યાન ટી.પી. સ્કીમ નં.૨, ફા. પ્લોટનં.–૨૦/એ કૃષ્ણ કુંજ એપાર્ટમેન્ટ માં આશરે ૧૨× ૧૫ ફુટ ગેરકાયદેસર બાંધકામ તેમજ ઉધના સીટી ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૧૬૪ માં રોડ માર્જીન વાળા ભાગમાં કુલ્લે –૯ દુકાનોના શટરો તેમજ ઉધના ઉદ્યોગનગર સંઘમાં રોડ નં. –૦૩ સર્વે નં. ૬૦ થી ૬૬ પૈકીમાં ગેરકાયદેસર કમ્પાઉન્ડ વોલનું બાંધકામ દુર કરવામાં આવેલ હતું.

TOP

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

(એ) કરંજ વિસ્તારમાં બિસ્માર મિલકતનું ડીમોલીશન

સુરત મહાનગરપાલિકા નાં પૂર્વઝોન(વરાછા)માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ) માં આવેલ ધનશ્યામનગર સોસાયટીની શેરી નં. ૧માં સબ પ્લોટ નં. ૮૭–૮૮ માં સ્થિતી " મામૈયા ભુવન " તરીકે ઓળખાતી મિલકત બિસ્માર અવસ્થામાં હોઈ મિલકત માલિક શ્રી મુકેશભાઈને જર્જરીત હિસ્સાને તત્કાલ ઉતારવા માટે સૂચના આપતા તેઓએ મિલકતનાં ૩ જા માળને સત્વરે સ્વયંભૂ દૂર કરેલ છે, તેમજ બાકી રહેલ મિલકતનાં હિસ્સાને સંપૂર્ણપણે ખાલી કરાવવામાં આવેલ છે. અને બાકી રહેલ હિસ્સાને આવશ્યક રીપેરીંગ કરાવી માન્ય સ્ટ્રકચરલ ઈજનેરનું સ્ટ્રકચરલ સ્ટેબિલીટી સર્ટી રજુ કરવા તાકીદ કરવામાં આવેલ છે.

(બી) સીતાનગર ચોકડીથી પૂણા ગામ જતા ૮૦', " ૦" પહોળાઈનાં ટી.પી. રસ્તાનું અમલીકરણ

બોમ્બે માર્કેટથી પૂણા ગામ જતા ૮૦' , "૦" પહોળાઈ નાં રસ્તાની પૈકી સીતાનગર ચોકડીથી પૂણા ગામ સુધીનાં ટી.પી. રસ્તા પર ડ્રેનેજ લાઈન, પાણીની લાઈન નાંખવાનાં આયોજનને ધ્યાને લઈ ટી.પી. રસ્તાની અસરમાં આવતા બબાંધકામોને દૂર કરવાની કાર્યવાહી અત્રેથી શરૂ કરવામાં આવેલ છે. જે પૈકી " મુન જેમ્સ લક્ષ્મી નગર સોસાયટીની ૦૬ દુકાનોનું ડીમોલીશન હાથ ધરવામાં આવેલ છે. અન્ય અસરગ્રસ્ત મિલકતોનાં અસરગ્રસ્ત હિસ્સામાં રહેણાંક ચાલુ હોઈ સત્વરે ખાલી કરાવવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયા પૂર્વઝોન(વરાછા) નાં ઝોનલ ચીફશ્રી કાર્યપાલક ઈજનેરશ્રીનાં પ્રત્યક્ષ નેતૃત્વ હેઠળ શહેર વિકાસ, દબબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા હાથ ધરવામાં આવી છે.

(સી) પૂણાગામ વિસ્તારમાં ગૌતમ પાર્ક સોસાયટીનું વેલકમ ગેટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબત

પૂણાગામ વિસ્તારમાં આવેલ સમ્રાટ સોસાયટીની બાજુમાં ગૌતમ પાર્ક સોસાયટીનાં રહીશો /પ્રમુખ ધ્વારા ખાડી કિનારા પર સોસાયટીમાં દાખલ થવાનો વેલકમ ગેટ બનાવવાનું આર.સી.સી.નું ગેરકાયદેસર બાંધકામ પૂર્વઝોન(વરાછા) દબાણખાતા મારફત દૂર કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન(વરાછા)ની કામગીરી

**મોજે ફૂલપાડા મોદી મહોલ્લામાં ડીમોલીશન :–**

**મોજે ફુલપાડા મોદી મહોલ્લામાં આવેલ સી.સ.નં. ૯૩૪૨ વાળી મિલકતમાં ઈન્ડસ્ટ્રીના હેતુ માટે ભોંયતળીયા વત્તા બે માળનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ છે. જે બાંધકામના રોડ માર્જીનવાળા ભાગમાં ભોંયતળીયે આશરે ૧૪૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ઈંટના ચણતરની દિવાલો દુર કરવામાં આવેલ છે. તથા બીજા માળે આશરે ૨૧૧ ચો.ફુટ માપવિસ્તારમાં પ્રોજેકશન સહીત આર.સી.સી.સ્લેબનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. પ્રથમ માળ ઉપર એમ્બ્રોયડરી મશીન હોવાથી જે મિલકતદારે જાતે ખસેડી બાંધકામ જાતે દુર કરવાની તથા પ્લાન રજુ કરવાની લેખીત બાંહેધરી પત્રક આપેલ છે.**

TOP

## સ્મીમેર હોસ્પિટલની મે–૨૦૦૮ની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૧૩૨૦૦ ઈન્ડોર તથા ૩૬૭૬૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૮૭ તથા ૪૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૦૬૭ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૩૮૩ અને જુના ૪૭૭ દર્દીઓ સહીત કુલ–૮૬૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૮૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૬૬૧ તથા આંખ વિભાગમાં ૧૯૨૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૧૧૮૪૭ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન તા. ૩–૧૨–૨૦૦૮ ના ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરતખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ માધ્યમિક– ઉચ્ચતર માધ્યમિક શાળા/ સંસ્થાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ મુગલીસરા, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની સામે આવેલ કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત સાંસ્કૃતિક વિભાગમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તારીખે ૨૬–૧૧–૦૮ રાખવામાં આવી છે.

TOP